# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 29-05-2026** **EVENING: 7.50 TO 8.00**

**Day : FRIDAY** **National News**

## આકાશવાણી સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

*****************************************************

1) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, દેશની જનસંખ્યાનું રક્ષણ કરવા સરહદોને સુરક્ષિત કરવી અને ગેરકાયદેસર સ્થળાંતર નાબૂદ કરવું ખૂબ જ મહત્વનું છે.

2) કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું, બીજની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા એક લાખ 74 હજાર ક્વિન્ટલ બીજ અનામત રખાયા.

3) દેશમાં પેટ્રોલ, ડીઝલ અને LPGનો પૂરતો જથ્થો હોવાની કેન્દ્ર સરકારની ખાતરી.

4) સર્વોચ્ચ અદાલતે NEET પેપર લીક મામલામાં થયેલી ભૂલો માટે જવાબદારી સુનિશ્ચિત કરવા પર ભાર મૂક્યો.

5) IPL ક્રિકેટમાં, આજે ગુજરાત ટાઇટન્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે ક્વોલિફાયર બે મુકાબલો.

............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# GUJ- AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે દેશની જનસંખ્યાનું રક્ષણ કરવા સરહદોને સુરક્ષિત કરવી અને ગેરકાયદેસર સ્થળાંતર નાબૂદ કરવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેઓ આજે ગુજરાતના ભુજમાં ભારત-પાકિસ્તાન સરહદ પર વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ G-7 અને G-13 સરહદી ચોકીઓનું ઉદ્ઘાટન કર્યા પછી સૈનિકો અને જાહેર સભાને સંબોધિત કરી રહ્યા હતા. મંત્રીએ કહ્યું કે કેન્દ્ર સરકાર એક અભેદ્ય, લીક-પ્રૂફ સુરક્ષા ગ્રીડ સ્થાપિત કરવા માટે ડ્રોન, રડાર અને આધુનિક વાડ સહિતની અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી રહી છે. ગૃહમંત્રીએ નવા 'ચતુષ્કોણીય સુરક્ષા ગ્રીડ'ની રજૂઆત સાથે સરહદ વ્યવસ્થાપનમાં એક મોટા માળખાકીય પરિવર્તનની જાહેરાત કરી.

## (BYTE- AMIT SHAH)

શ્રી શાહે છ દાયકા સુધી દેશની 'પ્રથમ સંરક્ષણ હરોળ' તરીકે દોષરહિત સેવા આપવા બદલ સરહદ સુરક્ષા દળની પ્રશંસા કરી. તેમણે માતૃભૂમિ માટે સર્વોચ્ચ બલિદાન આપનારા બે હજારથી વધુ જવાનોને શ્રદ્ધાંજલિ આપી. શ્રી શાહે ભાર મૂક્યો કે સર ક્રીક અને હરામી નાળા જેવા અગાઉના સંવેદનશીલ વિસ્તારોને હવે વોચટાવર અને યોગ્ય કનેક્ટિંગ રોડથી મજબૂત બનાવાયા છે, જે ખાતરી આપે છે કે આગામી બે વર્ષમાં સમગ્ર પ્રદેશ કોઈપણ બાહ્ય ખતરાથી સંપૂર્ણપણે સુરક્ષિત થઈ જશે.

# CHOUHAN-CONFERENCE

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આજે જણાવ્યું હતું કે ખેડૂતોને બીજની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે 1 લાખ 74 હજાર ક્વિન્ટલનો રાષ્ટ્રીય બીજ અનામત સ્થાપિત કરવામાં આવ્યો છે. નવી દિલ્હીમાં ખરીફ અભિયાન 2026 માટે કૃષિ પર રાષ્ટ્રીય પરિષદના બીજા દિવસે મીડિયાને સંબોધતા શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં નવ લાખ 76 હજાર ખેડૂત ઓળખપત્રો બનાવવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે ખેડૂતોને હવે વિવિધ યોજનાઓનો લાભ લેવા માટે અલગ દસ્તાવેજોની જરૂર રહેશે નહીં.

# SKYCAST - DELHI AIRPORT

વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંઘે આજે નવી દિલ્હીના ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાનમથક ખાતે મિશન મૌસમ હેઠળ ભારતની પ્રથમ સંકલિત આગામી પેઢીની ઉડ્ડયન હવામાન અને ધુમ્મસ દેખરેખ પ્રણાલી - સ્કાયકાસ્ટનું ઉદ્ઘાટન કર્યું. પત્રકાર પરિષદને સંબોધતા ડૉ. સિંહે જણાવ્યું હતું કે નવી પ્રણાલીનો હેતુ વિમાનમથક હવામાન દેખરેખ અને ધુમ્મસની આગાહીને મજબૂત બનાવવાનો છે. તેમણે કહ્યું કે, સ્કાયકાસ્ટને સુરક્ષિત, વધુ કાર્યક્ષમ અને હવામાન-સ્થિતિસ્થાપક હવાઈ પરિવહન કામગીરીને ટેકો આપવા માટે વિકસાવાયું છે.

**(BYTE - JITENDRA SINGH)**

# INTER- MINISTERIAL BRIEFING

સરકારે કહ્યું છે કે દેશમાં પેટ્રોલ, ડીઝલ અને LPGનો પૂરતો જથ્થો છે અને બધી રિફાઇનરીઓ શ્રેષ્ઠ રીતે કાર્યરત છે. નવી દિલ્હીમાં આંતર-મંત્રીસ્તરીય પત્રકાર પરિષદને સંબોધતા, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ, સુજાતા શર્માએ જણાવ્યું હતું કે દરરોજ લગભગ 92 હજાર મેટ્રિક ટન LPG ઉત્પાદન છે અત્યાર સુધીનું સૌથી વધુ છે. શ્રીમતી શર્માએ કહ્યું કે સરકાર પરિસ્થિતિની સમીક્ષા કરી રહી છે.

## (BYTE- SUJATA-ON-PETROL)

બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયના નિયામક ઓપેશ કુમાર શર્માએ જણાવ્યું હતું કે મંત્રાલય નાવિકોના કલ્યાણ અને અવિરત દરિયાઈ કામગીરી સુનિશ્ચિત કરવા માટે વિદેશ મંત્રાલય, ભારતીય મિશન અને દરિયાઈ હિસ્સેદારો સાથે સંકલનમાં છે.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# OP SINDOOR-PUBLICATION RELEASED

ઓપરેશન સિંદૂર એક અભૂતપૂર્વ સફળતા હતી જ્યાં ભારતે પાકિસ્તાનને ચાર દિવસની અંદર યુદ્ધવિરામ માંગવા માટે મજબૂર કર્યું. આ યુદ્ધ ભારતે અત્યાર સુધી લડેલા અન્ય તમામ યુદ્ધોથી અલગ હતું. સોશિયલ મીડિયા સંદેશમાં, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ઓપરેશન સિંદૂર પર સ્મારક પુસ્તકનું વિમોચન કરતી વખતે આ નિવેદન આપ્યું.

તેમણે ઉમેર્યું હતું કે આ પ્રકાશન ઐતિહાસિક અહેવાલોથી આગળ વધશે અને બહાદુર સૈનિકોના વ્યક્તિગત અનુભવો દર્શાવે છે. મંત્રીએ નોંધ્યું હતું કે તે આધુનિક યુદ્ધના માનવીય પરિમાણમાં પણ સમજ આપે છે જ્યાં નેતૃત્વ, હિંમત, દબાણ હેઠળ નિર્ણય અને પ્રતિબદ્ધતા વ્યૂહરચનાને સફળતામાં રૂપાંતરિત કરે છે.

# SC- NEET

સર્વોચ્ચ અદાલતે આજે NEET પેપર લીક મામલામાં થયેલી ભૂલો માટે જવાબદારી પર ભાર મૂક્યો. જસ્ટિસ પી. એસ. નરસિંહા અને આલોક આરાધેની ખંડપીઠ આ મામલે અરજીઓની સુનાવણી કરી રહી હતી, જેમાં મેડિકલ પ્રવેશ પરીક્ષા લેવા માટે NTA ને બદલવા અથવા પુનર્ગઠન કરવાનો નિર્દેશ આપવાની માંગણીનો સમાવેશ થાય છે. ખંડપીઠે કેન્દ્રને સોગંદનામું દાખલ કરવા કહ્યું અને જુલાઈના બીજા અઠવાડિયામાં સુનાવણી માટે આ કેસ મુલતવી રાખ્યો.

સોલિસિટર જનરલ તુષાર મહેતાએ બેન્ચને જણાવ્યું કે સરકાર યુવાનોની ચિંતા કરે છે અને કોઈ ખામી ન રહે તેની ખાતરી કરવા માટે પ્રતિબદ્ધ છે.

# PRADHAN-INTERVIEW

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું હતું કે પેપર લીકની ઘટના અત્યંત દુર્ભાગ્યપૂર્ણ હતી અને તે ન થવી જોઈતી હતી. ડીડી ન્યૂઝ સાથેના એક વિશેષ સાક્ષાત્કારમાં, શ્રી પ્રધાને ખાતરી આપી હતી કે પૂન: પરીક્ષા પ્રક્રિયા યોગ્ય અને વ્યવસ્થિત રીતે, કોઈપણ ભૂલો વિના હાથ ધરવામાં આવશે. તેમણે કાર્યને સુચારુ રીતે પાર પાડવા માટે દરેકના સહયોગની પણ અપીલ કરી.

**(BYTE: PRADHAN-2)**

# SC- VINESH PHOGAT

સર્વોચ્ચ અદાલતે આજે કુસ્તીબાજ વિનેશ ફોગાટને એશિયન ગેમ્સ 2026 માટે આવતીકાલે અને 31 મેના રોજ યોજાનારી પસંદગી ટ્રાયલ્સમાં ભાગ લેવાની મંજૂરી આપી છે. જસ્ટિસ પી એસ નરસિંહા અને આલોક આરાધેની ખંડપીઠે રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા-WFI દ્વારા ફોગાટને પસંદગી ટ્રાયલ્સમાં ભાગ લેવાની મંજૂરી આપવાના દિલ્હી હાઈકોર્ટના આદેશને પડકારતી અરજી પર સુનાવણી કરતી વખતે આ આદેશ આપ્યો હતો. વડી અદાલતની ડિવિઝન બેન્ચે જણાવ્યું હતું કે, વિનેશ જેવી પ્રતિષ્ઠિત ખેલાડીને ધ્યાનમાં લેવામાં વિવેકબુદ્ધિનો અભાવ હતો. વડી અદાલતે કહ્યું હતું કે કાયદાએ ખાતરી કરવી જોઈએ કે માતૃત્વ ફોગાટ જેવી મહિલા ખેલાડીઓને બાકાત રાખવાનું કારણ ન બને.

# IPL

IPL ક્રિકેટમાં, ગુજરાત ટાઇટન્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે આજે નવા ચંદીગઢના મહારાજા યાદવિન્દ્ર સિંહ ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે સૌથી મહત્વપૂર્ણ ક્વૉલિફાયર બે મુકાબલો રમાઈ રહ્યો છે. રાજસ્થાન રોયલ્સે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો છે. હમણાં મળતા અહેવાલ મુજબ રાજસ્થાન રોયલ્સે 04 ઓવરમાં 02 વિકેટે 45 રન બનાવ્યા છે.

આજની મેચની વિજેતા ટીમ રવિવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ફાઇનલ મુકાબલામાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે ટકરાશે.

# IIMC-AIME ACADEMY

ભારતીય સમૂહ પ્રત્યાયન સંસ્થા, IIMC એ આજે નવી દિલ્હીમાં મીડિયા અને મનોરંજનમાં તેની કૃત્રિમ બુદ્ધિમત્તા, AIME એકેડેમી શરૂ કરી છે. આ પ્રસંગે બોલતા, માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવ, ચંચલ કુમારે જણાવ્યું કે એકેડેમી પાંચ મુખ્ય સ્તંભો પર કાર્ય કરશે જેમાં ક્ષમતા નિર્માણ, સંશોધન, નવીનતા અને ઇન્ક્યુબેશન, જવાબદાર AI અને નીતિ વિકાસ અને ઉદ્યોગ-શિક્ષણ સહયોગનો સમાવેશ થાય છે.

સચિવે ભાર મૂક્યો કે AI અનુકૂલન ફક્ત નીતિ નિવેદનો દ્વારા જ થઈ શકતું નથી, પરંતુ તે ક્ષમતા નિર્માણ, વ્યવહારુ સંપર્ક અને આત્મવિશ્વાસ નિર્માણ દ્વારા થવું જોઈએ.